ચંદ્રાણી લોચન

દ્વિઅંકી નાટક.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

વ્યાસ ભોગીલાલ માહાશંકર

મુ. ધોળકા.

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦

અમદાવાદ.

શ્રી "જગદીશ્વર" પ્રીન્ટીંગ પ્રેસ

સંવત ૧૯૬૧ સને ૧૯૦૫

કીંમત ચાર આના.

ચંદ્રાણી લોચન નાટકનો ટુંક સાર.

અંક ૧ લો

પ્રવેશ. ૧ લો—મંગલાચરણ.

,, ૨ જો—ચંદ્રાણીનું અરણ્યમાંથી પોતાના મેહેલે જવું

,, ૩ જો—ચંદ્રાણીએ પોતાના પુત્ર લોચનને પારણામાં જુવા-ડી હાલરડું ગાવું કે તરત પોતાની માતા પાન ખાવાનું માગવું અરસપરસ સંવાદ.

,, ૪ થો—લોચન અને તેના મીત્રો શીશુપાળનો સંવાદ

,, ૫ મો—ચંદ્રાણીએ પોતાના પુત્ર લોચનને નીશાળે ભણવા જવા માટે ઉપદેશ કરવા

,, ૬ ઠો—લોચન શીશુપાળ અને ગુરૂજીનો સંવાદ

,, ૭ મો—લોચને પોતાના બાપનું વેર લેવા જવા માટેનો નીશ્ચય કરવો, અને તેને ચંદ્રાણીએ ના જવા માટે સમજાવવો વીગેરે પરસ્પર સંવાદ

,, ૮ મો—લોચને શીવની સ્તુતી કરવી. સ્તુતી થકી શંકરનું પ્રસન્ન થઇ વરદાન આપવું

,, ૯ મો—લોચને શંકર પાસેથી વરદાન મેળવી પોતાની મા-તાને ખુશ સમાચાર જણાવી યુધ્ધે જવાની આજ્ઞા લઇ જવું.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો લોચને કચેરીમાં આવી લસ્કર તૈયાર કરવા હુકમ કરવો

પ્રવેશ. ૨ જો—સામાવાળા પુસ્કનું લસ્કર અને લોચનના લશ્કરનું લઢવું લોચનનું સપડાવું. છળ કરી નાસી છુટવું.

પ્રવેશ ૩ જો—લોચને વીશ્વકર્મા પાસે પેટી તૈયાર કરાવી શંકર પાસે લઇ જવી. શંકરે તેને સઘળી સમજ પાડવી.

પ્રવેશ ૪ થો—લોચનને પેટી લઇને જવું રસ્તામા કૃસ્ણે બ્રાહ્મણનું રૂપ લઇને કપટથી લોચનને ઘણુ કહ્યા છતા નહીં ઉઘાડવાથી લોચનનુ ગુસ્સે થવુ. કૃસ્ણે મર્મ વચન કહી લોચનને ચીડવવો બાદ લોચનના મરી ગયા પછી કૃસ્ણે તેની માતાને ખબર આપી આવવી.

પ્રવેશ ૫ મો.—ચદ્રાણીનુ લોચનના મરણથી દીલગીર થવુ અને ઘણી મહોત કલ્પાત કરવું,

પ્રવેશ ૬ ઠો.—કૃસ્ણે પેટી લઇ જઇને કયાં મુકવી, તેનો વિચાર કરવો, આખરે સુભદ્રાને મેહેલે મુકવાનો નીશ્ચય કરી ત્યા સુભદ્રાને સોંપવી કૃસ્ણ અને રૂક્ષ્મણી તથા અન્ય રાણીઓનો સંવાદ.

પ્રવેશ ૭ મો.—સુભદ્રા, રાણીઓ, વીગેરેનો સંવાદ અને ગંગા સ્નાન કરી ઘેર જાવુ, પેટી ઉઘડાવી, તેમાથી લોચનનો જીવ ભરાઈ રહેલો તેણે સુભદ્રાને બગાસું આવવાથી સુભદ્રાના મુખમાં થઈ ગર્ભસ્થાનમા પ્રવેશ કરી જવો

પ્રવેશ ૮ મો.—રૂક્ષ્મણી અને બીજી રાણીઓનુ સુર્ય પુજન કરવા માટે જવું.

પ્રવેશ ૯ મો.—રૂક્ષ્મણી અને બીજી રાણીઓનું સુભદ્રાને મેહેલે ગરબો ગાવા માટે જવું.

પ્રવેશ ૧૦ મો.—સુભદ્રાને મેહેલે ગરબો ગાવો અને ગઇ રહયા બાદ પોતપોતાને મહેલે જવુ અને સુભદ્રાનો પોતાના દુ ખથી વીલાપ કરવો, દાશીએ સાત્વન આપવું, પાછળથી કૃસ્ણનું આવી સુભદ્રાને દુ ખથી મુકત કરવા, અને છેવટનો આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

લોચન .... દાનવ રાજા.

ચંદ્રાણી ... ... તેની માતા.

શીશુપાળ .... લોચનનો મીત્ર.

ગુરૂજી ... ... દાનવ ગુરૂ.

પુસ્ક ... ... દાનવ રાજા.

વીરપાળ ... ... તેનો પ્રધાન

કૃશ્ણ .. .. જગતપીતા.

રૂક્ષ્મણી ... ... કૃશ્ણની માનીતી રાણી.

સુભદ્રા ... ... કૃશ્ણ પરમાત્માની બેન.

તે શીવાય શીપાઇ, શંકર, ઉમીયાજી, લશકર, રાણીઓ, દાશીઓ, દરબારીઓ વીગેરે.

ચંદ્રાણી લોચન

દ્વિઅંકી નાટક.

અંક ૧ લો.

પ્રવેશ. ૧ લો.

મંગલાચરણ.

સુત્રધાર—

પ્રથમ પરિબ્રહ્માને સ્મરૂં, પ્રથમ ગણપતિના ગુણ ગાઉં;
સ્તુતી કરી સુખિયો થાઉં, મહેર કરજો કૃપાદ્રિષ્ટ ધારી.
મારી શુદ્ધ બુદ્ધિ રચના—હારી હારી હારી હારી.
ચીત ગાયન ગાય છે, અસુરી કેરૂં નાટક ભજવું—જય જય.
પ્રેમ વડેથી મુખે ભાંખું રે, સુણી શોભા પામે અતિ સુખિયા થાય.
ભાઇઓ હાશ....... ....જય જય.

નટી— રાગ જુવો સ્વામીનાથ.

જુવો પ્રાણપતિ વૃક્ષોની લટા;
ચમકે ચપલા, હૈયું ધડકે,
ધુણીના ધુમ રોળ વરસે છે,

ઝરમર ઝરમર મેઉલો વરશે,
મેઘા ઢીમર ધાલી અનુરાગ છટા.—

પ્રવેશ ૨ જો.

ચંદ્રાણી— રાગ આશાગોડી.

મુને અરણ્ય વન દેખાય, ભોમી ભયંકર દેખાય, ટેક.
મને મન અતિશે મુઝાય, મુને રહ્યો ગર્ભસ્થાનમા—ભોમી.
અરે, અરે, અરે, મુને અરણ્ય વન દેખાય—ભોમી

અરે ચાલ નગરમાં જાઉ, પરંતુ કાલ સવારે પુત્ર પ્રગટ થશે. (એમ કહી જાય છે) અહા ! મારૂં નગર દેખાયુ છે, પોતે રાજ મેહેલમા જાય છે.

પ્રવેશ ૩ જો.

ચંદ્રાણી— રાગ—હાલરડાનો.

માતા ઝુલાવે પારણેરે, તમે નિદ્રાને વશ થઈ જાવને, ટેક-
બાલુલો બાલુડા, ખમા મારા ભાઇને, ખમા મારા ભઈલા,
ખમા, ખમા, ખમારે મારા બાપલા—
દઇ માના દીચરા, ડાહી માના દીકરા
હુતો હીડોળું હીરની દોરીએ,
નહી હીંડોળું રેશમની દોરીએ—
કાલે સવારે તમે મોટા થશો,
કૃષ્ણનુ મોત તમે આકશો—

લોચન—(ચંદ્રાણીપ્રતિ)

મા મુને તાતા થાય છે રોયા,
મા મુને તાતા થાય છે રોયા,

મા મુને તાતા, થાય છે રોયા,
મા મુને તાતા, તાતા, તાતા, તાતા, તાતા, તાતો,
માતુશ્રી ! હું રમવા જાઉં છું.
ચંદ્રાણી—ઠીક.

પ્રવેશ ૪ થો.

શિશુપાળ— રાગ ધીમા ધીમા ચાલોને મારા.
ચાલો ચાલો સલુણા મારા મીત્રોરે—ટેક.
સહુ હળી મળીને રમીએરે;
રમો રમોને રૂપાળારે—ચાલો.
સાખી-ભોમી નવ દેખાય, આ રળીઆમણી નીરધાર,
માટે બંધુ ચાલને, જઇએ આપણે દ્વાર.
ચલતી-પરશેવાના ઝેમ વળશેરે, વસ્ત્રો આજે પલળેરે,
સલુણા સુરા મારા મીત્રોરે, તમે ચાલોને આપણે ઘેરરે-ચા૦

લોચન— રાગ પ્યારે તોરે અગનમેં ફુલનકા હાર.
ધીમા ધીમા ચાલો મીત્ર મારા પ્રાણજો, ટેક
જાણે મારા પ્રાણ કેરા હારજો,
મીત્ર તમે હળી મળીને ચાલશો,
હશી ખુશી માનશું રમીશું આજજો;
સલુણા શુરા શુરા ગેડી રમી શું સાથજો,
સહુ હળી મળી ગેડી દડો ઝાલીશું હાથજો,
નવ દેખાય ભોમી સારી રળીયામણી,
ચાલો સલુણા, લક્ષણા મીત્રો તમે ઘેરજો.

પ્રવેશ ૫ મો.

ચંદ્રાણી—(લોચન પ્રતિ) હે પુત્ર! તમે નિશાળે જઈ વિદ્યાભ્યાસમાં નિપુણ બનો કારણ કે તમારે આગળ જતા રાજનીતિ સાચવવી પડશે માટે હે પુત્ર! ખડીયો, કલમ, અને સ્લેટ પેન લઇ નિશાળ પ્રતિ ગમન કરો.

લોચન—બહુ સારૂ માતુશ્રી હું નિશાળે ખુશીથી જાઉં છું.

પ્રવેશ ૬ ઠો.

શિશુપાળ— રાગ કાફી.

અરે તુ સાભળી લેજે, દહીત અસુરી બાલુડારે.
બાલુડા તુ શુ મનમા ફુલ્યા ફુલ્યા કરે કરેરે—

સાખી—

શા । ઉપર જોર નમાય તુજ તો જાતારા બાપનુ વરજ લેવા.

ચલતી—અરે શું કાળો કૃષ્ણ કપટ કરી શકયોરે:
શું આ કાળો કેર કરી ગયોરે.

સાખી—તથી કરી વેર અતિશે વાળીયુ, તુજ હમને મારે છે

ચલતી—સહુ બાળકને મારે અધીકા અધીકરે,
ધીક ધીક તારો પીતા જેણે વધ કર્યોરે,
ધીકાર સાભળી લે જે અધીપતિરે—

લોચન—(ગુરૂને નમસ્કાર કરી) ગુરૂજી! હુ જમવા જાઉ છું.

ગુરૂ—બહુ સારૂ!

પ્રવેશ ૭ મો.

લોચન— રાગ લાવણી.

શુ થશે હવે, માડી મારીરે
ફીકર થાય, મન મુઝાય મારૂંરે,
હું અન્નગ્રાશ મુખેથી નવ ગ્રહુંરે—
માડી માનું રે, પીતા તણી કહો વીનતીરે,
હુ ત્યારે મુખે અન્ન ધરૂરે—

ચદ્રાણી—હે પુત્ર મમ પ્યારા, આ કૃત્ય આજે આતું કીધુ,
કોને ભમાવ્યો તુજને, કોણે મેણું દીધું તુજને

ચંદ્રાણી— ક્ષત્રી કલંક.

આગળ થયો તારા બાપનો કાળ, દહીત અસુરી જાતનારે,
તને સાચુ કહુ સાક્ષાત, ,,
અથ ઇતિથી કહુ વાત, ,,
તારા પીતા હતા ઘણા સુરા, ,,
ઘણા લોકોને કરે ચકચુરા, ,,
તે તો મહા સામર્થવાન બળીયા, ,,
તે તો કોઈના ના જાય કળીયા, ,,
કૃષ્ણ સાથે તુજ તાતે કર્યુ યુદ્ધ, ,,
ત્યારે કપટ કર્યું છે હરીએ, ,,
ત્યારે સાંભળી લેજે ભુપ, ,
ત્યા રહે છે કૃષ્ણ દ્વારામતિનો ભુપ
ત્યારે એ નાથ શુ જીતાશે,

લોચન—ઠીક છે માતુશ્રી ! હું મારા પીતાનું વેર લેવા માટે જાઉ છું.

ચંદ્રાણી—પુત્ર ! જવામાં કાંઇ ફાયદો નથી, એને કોઈ પણ જીતી શકનાર નથી.

લોચન-મેં જળ લીધું છે, માટે હું ગયા શીવાય રહેનાર નથી

ચંદ્રાણી—એ તો હજાર હાથનો ધણી છે, એને જાતાશે નહીં

લોચન—સાંભળ.

બનજારો

હે માતુશ્રી મારી, તુ છોડી દે ધારણુ ઠાલી,
તુ સુણજે અહીં, હવે પાછો ફરવાનો નહી—હે શ્રવણુ.
તુ તો દઢ માનજે આહી,
આપ અસુરી તણા કુમારે, કેમ છોડી દઇએ સંગ્રામે,
હે શ્રવણુ કર માતુ મારી, તુ છોડી દે ધારણુ ઠાલી—

ચંદ્રાણી-(લોચનપ્રતિ) હે પુત્ર! તેઓ અતરિક્ષથી સાભળતા હશે.

લોચન—તેની કાઇ ફીકર નહી, હું તેમનેજ સંભળાવુ છું.

ક્ષત્રીકલંક.

ધીક્કાર પ્રપચી આજ, ક્ષત્રીવટ હું કાઢી નાંખુરે,
તું છે આખી પૃથ્વીનો નાથ, „
તારો કાઢી નાખુ હુ વંશ, „
તુને કરૂં ક્ષણમાં છેદન „
તું સાભળી લેજે ગગન, „
હુતો પુરવેનુ વેરજ લઉં, „
હુતો ત્રણુ લોકનુ રાજ લઉં. „

૧૨૪૭

હું તો અસુરી દઇત કહાવું, „
હું તો ગરજાવી મુકુ ગગન, „
હુ તો ત્યારે મુખે અન્ન ધરૂં, „

માતુશ્રી હું જ્યારે શીવજી પાસે જઇ તપનો આરંભ કરી શિવને પ્રસન્ન કરી વરદાન મેળવીશ ત્યાર પછી યુદ્ધે ચઢીશ. એમ કહી હાથમાં ચાંદીનો થાળ લઇને પુષ્પ, અબીલ, ગુલાલ, ચંદન, વીગેરે લઇ જાય છે.

પ્રવેશ ૮ મો.

લોચન— આરતી.

શીવ શીવ હર હર હર મહાદેવ—ટેક.
શંકર ગણપતીને હુ પુષ્પે વધાવુ, અબીલ ગુલાલ ચંદન ચઢાવું
આરતી મંગળ હું ગાઉં. શીવ હર હર હર મહાદેવ.
શીવ ઝરીખા પીતા જેના, ભસ્મ શરીરે ચોળે,
ત્રીનેત્ર ત્રીપુરારી ભાંગ ઘણી રગદોળે, શીવ હર હર હર મહાદેવ.
શીર જટા ગંગાજી બીરાજે, ગળે સરપ શણગારે.
ઉજણુના વાશી શકર કૈલાશનાવાસી–શીવ હર હર હર મહાદેવ.

ઉમીઆજી--હે શંભુ ! આ શેવકને વરદાન આપો (લોચન સાંભળી રહ્યો છે)

મહાદેવ—હે ભક્ત ! હુ તારી ભકિતથી પ્રસન્ન છું અને તુ મારી પુજાથી બહિરમુખ પામ્યો છે, માટે ઇચ્છીત વર માગ.

લોચન—(શાષ્ટાંગ દંડવત કરી) પ્રભુ ! હું એટલુંજ માગું છું કે કૃષ્ણનું મોત મારા થકી થાવ.

મહાદેવ—તથાસ્તુ ! તું જંગલને વીશેજજે, અને સુરપાનની ઝાડીનાં કાષ્ટ કાપી લાવ, અને તેની પેટી ઘડાવી મારી પાસે લાવ, પરતુ સામા રાજ્યવાળા પુસ્ક મહારાજાએ તેના સામંતોની ઝાડી ઉપર છાવણી નાખી છે, અને એ રાજા મહા બળવાન છે, માટે તુજને ડરાવશે પણ તું ડરીશ નહી અને મે તેને વરદાન આપેલુ છે, તેથી કરી રાજ્ય ભોગવે છે.

લોચન—(નમસ્કાર કરી) બહુ સારૂ મહારાજ.

પ્રવેશ ૯ મો.

લોચન—શીવ શીવ શીવ હર હર હર હે માતુશ્રી ! હું અરણ્યમાં જઈ શંકરનું આરાધન કરી કૃષ્ણનું મોત માગી આવ્યો છુ.

ચંદ્રાણી—ઠીક.

લોચન—આપણી રાજસભામાં જઇ લશ્કર તૈયાર કરી સુરપાનની ઝાડીમા લઇ જઉ છુ

ચંદ્રાણી—ઠીક.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

લોચન—(રાજ સભામાં આવી) અરે પ્રધાનજી! લસ્કર તૈયાર છે કે નહી ?

પ્રધાન—(સલામ કરી) તૈયાર છે

ક્ષત્રીકલંક.

લોચન–તમે સુણજો સભાજન, દહીત વચન સુણી લેજોરે.
તમે ચાલો મારી સાથે, ,,
તમે હીમત હારીને બેઠા, ,,
હુ કહુ છુ સત્ય વચન, ,,
હાથ મધ્યે લ્યોને કોવાડા, ,,
હાથ મધ્યે લ્યોને કરવત, ,,
હાથે પેહેરી લોને બકતર, ,,
હાથ મધ્યે લ્યોને બંદુક, ,,
હાથ મધ્યે લ્યોને પીસ્તોલ, ,,
હાથ મધ્યે લ્યોને ફરશી, ,,
મુજ પીતા તણુ ખોઉ નામ, ,,
તમે સુણજો છ કરોડ દઇત, ,,
તમે ચાલોને અઘોર વન ,,

શીશુપાળ—હું લસ્કરને તૈયાર કરૂં છું, તમો હાલ આવો છો કે વાર છે ?

લોચન—હું સાથેજ આવુ છુ.

શીશુપાળ—બહુ સારૂ.

લોચન—પ્રીય શીશુપાળ! લશ્કરને બરાબર પરેટ કરાવજો ભુલશો નહી.

શીશુપાળ—અરે યોદ્ધાઓ સર્વત્ર પોતપોતાના શસ્ત્ર લઇ સાવધાન થઇ જાઓ.

સઘળા—તૈયાર.

પ્રવેશ ૨ જો.

શીશુપાળ— રાગ-ગાજે ગગન ગરરર ગગન

દહીતનો મેરાવળો, દહીતનો મેરાવળો, હડેલ હોમ-ટેક.
બીનો બાપ, ચીત અરરર, થાય થરરર. હાય અરરર-દહીતનો.
દહીત ચાલો અઘોર ઝાડી જંગલ, પહાડી પર્વત, પાણી પર્વત,
મોટા શીખર દેખાય છે.

મોટા મણીધર સુસવાટા મારે છે, મોટા કેશરી મોટા સીંહ,તાડુકાકરેછે

સાખી-પહાડમા નદીઓ ખરર ગાજતી,ઠંડી હવાઓજ આવે-દહીતનો.
એવી રીતના થરથર થરથર ધડ ધ્રુજે, એવી રીતના કાષ્ટ કાપ્યા
ભારા અઢાર—દહીતનો.

વીરપાળ—(લોચન પ્રતિ) અરે પાપી દુષ્ટ કરમી, નીચ જાતી, આવાં કૃત્ય કરવા આવેલો છે!

લોચન—અરે નીચ કરમી, તું શુ બહુજ બકે છે, અરે

પાપી, તારે માથે શું કોઇજ નથી, એમ ધારે છે પણ એ તારી ભુલ્ન છે. અરે દુષ્ટ એવો મદ રાખે છે તો થઇ જા તૈયાર.

વીરપાળ—યોદ્ધાઓ તૈયાર થઇ જાઓ.

યોદ્ધાઓ—તૈયાર.

સેનાપતિ—આપણે તેને મારવો નહિ, પરતુ તેને કેદ કરી પકડી લઇને મહારાજા પાસે લઇ જવો.

વીરપાળ—બહુસારૂ (લોચન કાષ્ટ કાપતો તેની સુરતા કાષ્ટ કાપવામાં છે. અને એકદમ ઘેરાવો કરી લેવાથી)

લોચન—અરે શકરા ! હવે હુ શુ કરૂં. સઘળુ લશ્કર દુષ્ટે ઘેરી લીધુ. મારી પાસે એક પણ યોદ્ધો નથી, પણ કંઇ ફીકર નહી. જે થવાનુ હશે તે થશે પણુ હાલ તો હીમતથી લઢવુંજ જોઇએ.

રાગ લલીત.

અરર શકરા શું હવે કરૂં, અઘોર વનમાં ઝુરીને મરૂ,
મુજ માતા તણો, વીયોગ જો થશે, નીશ્ચે માહારો જીવરે જશે.
કર્મ કષ્ટથી કૃત આ થયું, સરવે સુખ તો માહરૂ ગયુ.
માતુશ્રી જનુની પાસ જો જઉં, સુખ દુખ તણી વીનતી કહું.
ઘડી પડી રહું, દીન જાયરે, અરેરે શંકરા શાહાય થાવરે.
અરેરે શંકરા ચીતે થરરર થાયરે, અરેરે શંકરા શાહાય થાવરે.

વૈદરભી વનમાં વલવલે,

બંધુરે મેલી તમે કયાં ગયા, મુને જંગલમાય. ટેક
અસુરી યોદ્ધાઓ કોપીઆ, કોણ કરશે સ્હાય—

આતુ કદી જો હું જાણુ તો, નવ આવત જગલમાંય,
દગારે દઇને ભમાવીયો, ભોળાનાથરે—
શેન્ય સરવે ઘેરાયુ મુજને, નવ ચાલે ઉપાય.
આ અવસર આવો ચઢયો, પ્રગટે મુજને લ્હાય--
મુજ માતાએ કીધુ હતુ કે, નવ કરતુ જક,
અઘોર જગલમા મેહ્યો એકલો છોડી ચાલ્યા આવાર
માતાના વીયોગથી, કદી પડસે કાય,
હાયરે હુ શું કરૂ રઝળ્યો જગલમાય—

ફીકર નહી! હુ પ્રપચ થકી નીકળી ગયો છું ચાલો આપણે તાકીદે નાશી જઇએ.

સેનાપતી—ચાલો.

પ્રવેશ. ૩ જો.

લોચન--વિશ્વકર્મા આ પેટી તમે ઘડો તેમા એવી યુક્તિ રચો કે જેના અંદર ચોસઠ તારા અને બત્રીસ કુચીઓ આવે અને પાટી પત્રાની ઘણી મર્મ વાળી પેટી ઘડો.

વિસ્વકર્મા— ગગન ઘરરર

પચીસ મણ તાંબુ જોઇશે રૂપુ છે મણ બાર,
પચીસ મણ લોઢું જોઇશે, પીતળ છે મણ ત્રણ
પેટી ઘડીને તૈયાર કરી આપુ.

લોચન—બહુ સારૂ! લાવું છું. તમે કામ શરૂ કરો.

વિશ્વકર્મા-ભાઇ લોચન આ તારી પેટી તૈયાર થઇ તપા-

સી જો. (લોચન લેઇને માતાશ્રીની રજા લઈ શંકરપાસે જાય છે.)

શંકર—અરે ભક્ત! આ પેટીમાં જે કોઈ પહેલો પેસસે તે નીસ્ચે મરણ પામી જશે.

પ્રવેશ ૪ થો.

બ્રાહ્મણ— બનજારો.

તુ શ્રવણ કર બંધુ મારા સુજવીર, કેમ છોડી દઇએ ધારણ ધીર
અરે તું કામ કરવા શું જાય છે, મારૂં મન અતીશે મુઝાય છે શ્રવણ.
તારી પેટી સુંદીર જોઇને, મારૂ મન રાજી રાજી થાય છે. તું શ્રવણ.

હેવીર! તું પેટી ઉઘાડતો ખગે કે પેટી કેવી છે. અને કેવડી છે. તેં કંઈ કૃષ્ણને કોઇ દીવશ જોયા છે. આ પેટીમાં સમાશે કે નહી. તે આપણે વીચાર કરી જોઇએ.

લોચન—ઉઘાડું મહારાજ!

બ્રાહ્મણ—હે ભાઇ! આ પેટીમા તું પેસીજો, અને સુઈજા, કારણ કે કૃસ્ણ તારા જેવડોજ છે, માટે જો તું સમાઇશ તો તે પણ સમાશે.

લોચન—બહુ સારૂ હું સુઇ જાઉં છુ અને પેટીનાં તાળાં પણ બંધ કરી જુઓ અને હુ કહું ત્યારે તમે ઉઘાડજો.

બ્રાહ્મણ—બહું સારૂ! તું સુઇ જા! (લોચન સુઇ ગયા બાદ તાળાં વાશી થોડી વારૂ ઉભા રહ્યા પછી પેટીમાંથી લોચને કહ્યું કે મહારાજ પેટી ઉઘાડો, હવે મારાથી અંદર રહી શકાતું નથી) ઉઘાડવાની શી વાત કરે છે. બ્રાહ્મણ ક્યાં છે. હું તો તારો દુશ્મન

છુ, જે કૃસ્ણુ કપટી કહેવાય છે તે હું પોતે ના ઓળખતો હોય તો ઓળખજે.

લોચન—અરે દુસ્ટ કરમના કરનાર કપટી કૃષ્ણુ ! તારામાં કાઇજ શૌર્ય નથી કે તું આવાં કપટ કર્યા કરે છે. જો શૌ-ર્ય હોય તો તું મને એક વખત બહાર કાઢ પછી જોઇ લે મારો ઝપાટો

કૃશ્ણુ—એ શું બોલ્યો ! જીતી બાજી તે હારતા હોઇશું.

લોચન—(ક્રોધમાં) પેટીમા સુતે સુતે એક લાત મારી કે જેથી ફરીને પેટી આકાશ તરફ ઘણીજ ઉચી ચઢી ગઇ અને પાછી પૃથ્વી ઉપર આવી અથડાઇ એવી રીતે ઘણીવાર ઉછાળવા છતાં ન ભાગી એટલે પુષ્કળ ક્રોધમા લાભ મારી કે જાણે પેટી હમણાજ ભાગી જશે, ત્યારે કૃસ્ણુ પેટી ઉપર ચઢીને બેઠા તો પણ તેણે એક હાથ ઉચી કરી ત્યાર બાદ ફરીથી કાંઈ પણુ બોલ્યો નહી ત્યારે કૃસ્ણે વીચાર્યું કે હવે દુષ્ટ મરી ગયો હશે, માટે તેની માતાને ખબર આપું, એવુ કૃસ્ણુનુ બોલવું સાંભળ્યું ત્યારે અંદરથી લોચન બોલ્યો કે હે દુષ્ટ ! હુ કાંઇ હજુ મરી ગયો નથી, હુ તારા મનની આશ પુરી કરીશ.

કૃશ્ણુ—દુષ્ટ સાભળ !

ક્ષત્રી કલંક.

શું સમજાવે અસુરીના બાળ, અમે શુ ક્ષત્રી જાયા નથારે
તુજ માથે ભમે છે કાળ, „
અમ આગળ નહી ચાલે જોર „
શું અશુરી હહીત કહાવ્યા „

બીજા બધા શું લુંડીને ધાયા, „
તું છોડી દે જીવવાની હામ, „
બીજા બધા શું પડયા પથર પેટ, „
શી ધરાવે છે ઉરમાં તું હામ, „
કુરમરે નહી બને કાંઇ કામ, „
પોતે બતાવે છે પોતાનું શુર, „
નીચ નાદાન ગમાવે નુર. „

શું હવે અસુરી દહીત મરી ગયો માટે એની માતાને ખબર મોકલાવી જોઇએ, (એમ વીચાર કરી કૃસ્ણ પરમાત્મા લોચનના રાજ મેહેલ જઇને ચંદ્રામણી પ્રતિ હે ચંદ્રાણી, તારો પુત્ર મરણને સરણ થઇ ગયો છે હું હવે જાઉં છુ.

પ્રવેશ ૫ મો.

ચંદ્રાણી— લલીત.

કપટ હે પ્રભુ, આતે શું કર્યું,
સંસાર સાગર, આ સુખનો ગયો;
લા'વો પુત્રનો, મુજ ના રહ્યો,
દુખની વાત આ, કોને જઈ કહું;
પુત્ર વિના હવે ક્યાં જઈ રહું,
પૃથ્વી માતને, પ્રાર્થના કરૂં;
માગ દે તો હું, સમાઈ જઉં.

અરે દાસી ! દુષ્ટ કૃસ્ણે વૈર વાળ્યું, કપટ રચી મારા પુત્રનો

વધ એણે કર્યો હાય ! (એમ કહીને મુર્ચ્છામાં પડે છે, થોડીવારે જાગ્રત થયા બાદ)

ગોપીચંદની.

પુત્રરે મારારે અંતે શું કર્યું, કપટ રચીયુ છે હરીજી. ટેક.
પુત્ર હમણાં આવું છું, એમ કહીને ગયા, થયું ઓચીંતું આ કામજી,
મરણજ માથે ઓરીયું, પડી રણમાંહી કાયજી—
દગોરે કર્યો એ દયાળુએ, હતી જેની આશજી—
રડે મેહેલમાં તુજ માવડી, રંડાપો રોકડો આપ્યોજી—
રણમાં રમકડું રોળાઇ ગયુ, ગઇ સાન શુદ્ધીજી—

પ્રભાવતી— પરજીયો.

ઓ હોયરે આ શો ગજબ ગોવીંદજી. ટેક.
હોય જનેતા ચક્ષુ નીર ઝરે છે.
કલ્પાંત અતિશે કરે છે—
પુત્ર તરવારે ત્રણ ત્રણ ઘુમતાં
તારા તરકશને તીરરે—
તારી ચાતુરીનો નહીં પારરે,
તને ભમાવ્યો શું દીનાનાથરે—
તારી વાડી ગઈ વીખાઇરે,
સુનાં પડયાં મંદીર માળીયાં—
પ્યારી દાસીપર દયા ન લાવ્યા,
પ્રાણ છોડી સ્વર્ગે સીધાવ્યા—

.. અરે માતુશ્રી ! જે થવાનું હતું તે થઈ ગયું, હવે નકામું કલ્પાંત કરવું વ્યર્થ છે કારણ કે મરનાર હવે પાછુ આવનાર નથી.

પ્રવેશ ૬ ઠો.

કૃષ્ણ—હું આ પેટીને કયાં લઇ જઉં, (થોડીવાર વીચાર કરી) સુભદ્રા બેનીને મેહેલે લઇ જાઉં, એમ વીચાર કરી માથા ઉપર પેટી મુકી સુભદ્રાના મેહેલ ભણી ચાલવા માંડયુ.

રાગ અખીયાનો માળો.

સુણો સતી બેની, અરજ ગુજારી સુણજો,
આ પેટી આહી મુકું છું તમે જાણજો,
બેની નવ ઉઘાડો, શેહેરમાં જરા જઉ છું.—

સુભદ્રા—બહુ સારૂ ભાઇ હું એ પેટીને નહી ઉઘાડુ, તમારા મનમાં બીલકુલ ફીકર કરશો નહી.

રૂક્ષમણી—અને બીજી રાણીએ (કૃષ્ણ પરમાત્માને દેખીને) પ્રાણપતી ! આપ પેટીમાં શું ચીજ લાવ્યા છો કેપર ભારી સુભદ્રા બેનને સોંપીને આવ્યા,

કૃષ્ણ—કાંઈ નથી, એતો ખાલી પેટી છે ને તે ત્યાં એક ખુણામાં નાખી મુકી છે.

રૂક્ષમણી—નહિ સ્વામીનાથ અસત્ય શા માટે વદો છો, ના જણાવવું હોય તો કાંઇ ફીકર નહી, પણ અસત્ય શા માટે વદો છો.

કૃષ્ણ—કેહેવામાં કંઇ ફાયદો નથી, મારે કોઇએ એ બાબત મને પુછપરછ કરવી નહી (આવો જવાબ મળવાથી રાણીઓએ સુભદ્રાને પુછીશું તો ખબર પડશે એમ ધારી સુભદ્રાને ત્યાં જવાનો નીશ્ચય કર્યો.)

પ્રવેશ ૭ મો.

ચંદ્રાવતી—સખી! પેટીમાં શું હશે,

સત્યભામા—આપણને શી ખબર.

રૂક્ષમણી—(સુભદ્રા પ્રતિ) સુભદ્રા બેન ! તમારા ભાઇ મણા શું લાવ્યા હતા કે પરભારા આપનેજ સોપી ચાલ્યા ગયા.

સુભદ્રા—મને કાંઇ ખબર નથી.

રૂક્ષમણી—જુઠું શા લાભને વાસ્તે બોલો છો.

સુભદ્રા—મને ખબર હોય તો તમને કહેવામા શીહરકત છે કે હુ જુઠું બોલુ.

રાણીઓ— ગાયન.

નાથ શું મારો છબીલોરે, ટેક
સુંદીર સુંદીર, શામળીયોરે,
જોમ તારી પેટી સુંદીર સારી
સીકલ કમની જોવા આવીરે,
દ્વારકાના નાથ શું લાવ્યારે,
નાથ છબીલા શું લાવ્યારે,
ડાહા મારી બેની સુભદ્રા બેનીરે,
જરીઆ રેશમી વસ્રરે,
હશે દરશાઇઆ ગુજરીઆરે,
સતી બલીયાં છલીયારે,
અમારે ના જોઇએ લગારરે,
હરે મારી બાઇજી ઉઘાડોરે,

સુભદ્રા—ઠીક ત્યારે, લ્યો આ કુચીઓ, અને પેટી ઉઘાડો, પરંતુ તમે જોઇને કોઇને કહેશો નહી.

રૂક્ષ્મણી—અમે તો નહી ઉઘાડીએ તમે ઉઘાડો સુભદ્રા પેટી ઉઘાડે છે તેટલામાં તેમને બગાસું આવવાથી લોચનનો જીવ અંદર ભરાઈ રહ્યો હતો તે સુભદ્રાના મોંમાં થઈ ગર્ભસ્થાનમા પ્રવેશ કરીગયો.

સુભદ્રા—અહા ! રૂક્ષ્મણી ! આ મારા ભાઇએ શુ કઠિણ કાર્ય કીધું છે. તેની હજુ સુધી કપટની ટેવ ગઈ નહી, પેટીની અંદર તો કોઇના કુવરની લાશ મુકી છે.

રૂક્ષ્મણી—કંઇ નહી, પરંતુ આપણે ચાલો ગંગાના ઘાટ ઉપર જઇ સ્નાન કરી આવીએ, કારણ કે આપણે લાશને અડકયા માટે સ્નાન કર્યા વિના છુટકો નહીં.

પ્રવેશ ૮ મો.

રૂક્ષ્મણી—સુભદ્રા બેન ! આજે ગંગાજી કેવા રળીયામણા દેખાય છે ! શું કીરતારની ખુબી છે !

ચંદ્રાવતી—ચાલો ચાલો સ્નાન કરી લ્યો, એતો પેલી લાશને લીધે ગંગાજી રળીયામણાં દેખાય છે.

રૂક્ષ્મણી—હોય બેન ! હવે બીજી વાત પડતી મુકી સ્નાન કરી લ્યો. (એમ કહી સર્વત્ર ગંગાજીમાં સ્નાન કરી પોતપોતાનાં વસ્ત્રાભુષણ સજવા લાગ્યા) શણગાર સજ્યા બાદ પોતપોતાના મેહેલમાં જાય છે.)

રૂક્ષ્મણી—સખી સોહલા ! ચાલ આપણે પૃથ્વી માતાનું

પુજન કરવા જઇએ તું હસ્તને વીશે ચાંદીનો થાળ ધારણ કરી અન્ય સાહેલીઓને તેડીને ત્વરાથી આવ.

રૂક્ષ્મણી—સખી સોહલા ! આજ તો એકાદશીનો દીવસ અતી રમણીય દેખાયછે. (સોહલા જાય છે.)

સોહલા—(થાળ વીગેરે લઈ આવ્યા બાદ ચંદ્રાવતીને ત્યા જઇ) બેન ચંદ્રાવતી ! ચાલો પૃથ્વી માતાનુ પુજન કરવા જઇએ.

ચંદ્રાવતી—ખુશીથી ચાલો ! (સર્વે સાથે મળીને બાગમાં પ્રવેશ કરે છે)

પ્રવેશ ૯ મો.

ચંદ્રાવતી—(સર્વના પુજન કરી રહ્યા પછી) બેન રૂક્ષ્મણી ! ચાલો આપણે સુભદ્રા બેનને મેહેલે આજ એકાદશી છે માટે ગરબો ગાઇ આનંદ કરીએ.

રૂક્ષ્મણી—બહુ સારૂ ચાલો.

પ્રવેશ ૧૦ મો.

ગરબો.

રાણીઓ— પુનમ ચાદનીનો રાગ.

બીલ્યો આજે દીન એકાદશીનો અતીઘણોરે,
થાય દેખી ભાણ ખીલેલો ઉમંગ ઘણોરે;
એવા રવીને વધાવો બેની પ્રીતથી રે—

સાખી.

આકાશે રવી બેઠો એ, પ્રભાત થાતા માંય,

અન્યકો નવ જઈ શકે, તેહ તણીતો પાસ,
એવા રવીને પુજી લ્યો બેની ભાવથીરે—

સાખી.

ભક્તિ સાચી એહમાં, એકાદશીને દીન,
બીજી સ્વામી ભક્તિ છે, કરવા બેને પ્રસન્ન,
માટે માની લ્યો એ બેનો વાત ખરેખરીરે—

સાખી.

કરે પૂજા રવીતણી, હોય એકાદશી દન,
મળે મુક્તિ સત્યએ, ભોગીલાલ (નુ) વચન
એવા રવીને વધાવો બેની પ્રીતથીરે—

ચંદ્રાવતી—બેન રૂક્ષ્મણી! હવે ચાલો આપણે દ્વારકામાં જઇએ.

રૂક્ષ્મણી—ચાલો સુભદ્રા બેન અમે જઇએ છીએ.

સુભદ્રા—બહુ સારૂ આવજો (જાય છે)

સુભદ્રા—(દાસી પ્રતિ)

સીંહાનો કાન્હરો.

નથીરે મુજને સખીઆ ગમતું, વ્યાધી વિચારમાં મુજ મન ભમતું.
ચંદન ચીતા ચલીત કરૂં છું, અંતર આગ ઘણી સળગી છે—
નથી સેવાતું દુઃખ આ સઘળું, પુષ્પ સુંઘેથી નથીરે સેવાતું—
સુખ ઉપજાવો સહન ન થાયે, ક્ષણમાં ધારૂં છું પ્રબળ સઉ થાયે—

પ્રેમલા—સુભદ્રા બેન! તમે શા માટે કલ્પાંત કરો છો, થોડીવારમાં પ્રભુ આવતા હશે.

સુભદ્રા— રાગ ભજનનો.

મોહન માયાના કરનારા રે, તમે આખી સૃષ્ટિના રચનારા. ટેક.
સ્હાય કરો ગીરધર ધારીરે, વારે ચડો ગોરધન મોરારી—
સામરી માતો ગુરૂ અગમનો, શાણુતો સમજી જાયરે—
મનના મનોરથ તમે જાણો, તમે જાણીને ખેલ બનાવ્યા.—
ખાળ કુંડીમાં જીવ જંતુ થાય,
જાય નરકની ખાણેરે—
પ્રજાપતી ભલે ખેલ બનાવે,
બનાવ્યા શન્યાસી પ્રજાનેરે—
સતી બેનીને દુખ દીધુ,
સગે ચડોને મારી સાથે રે—
મારા ઉપર ક્ષમા કરો, હાથ જોડીને ક્ષમા માગુંરે—

ગાયન.

મુને સ્હાય કરો સ્હાય પૂરો વીર મારારે,
વીરની સાથ હુતો કેદી રહુંરે—
સતીયા ભક્તોને શીવ સતાવોરે—
સમુદ્ર સાગર સમીપ કરે—
હુ તમારી દાસણુ શેવામાં હાજરરે—

પ્રેમલા— ગાયન.

આજ છે આનંદ પ્રભુ, આપ પધારીએ. ટેક.
વાટ જોતી સદૈવ હું બારીએ—
પ્રીતી તણો વીજોગ પડયો એની તણો;
હરશ લેશ જમાવીએ અંગ સુધારીએ—

ધરી વજ મારૂં કાપો, સુધારી હરશ,
હરશ જરી સતી એની દુખજ પામે,
સતી દ્રોપદીના ચીર પુર્યાં, પાંડવોની રાખી લાજ;
સતીઆ અનેક ભકતોના કીધાં કામ—

કૃષ્ણ— ગીતી.

સુણો સત્ય ભગીની, વાત તમોને આજ કહું છું રે,
કાર્યંજ ખોટુ કીધું, પેટી ઉઘાડી બગાસું ખાધું.
પીડા તેની થઇ છે, ઉપાય તેનો એકજ છે પાસે;
શ્રવણ કરો એક ચીતે, માંડી કહું છુ કથા અતિ હેતે.
એથી પીડા મટશે, શ્રધ્ધા રાખી સુણો બેન પ્યારી,
મહિમા કોઠા યુદ્ધનો, છે ઘણો એ અતિશય ભારી.

એમ કહી શ્રી કૃષ્ણ પરમાત્મા સુભદ્રાને કોઠા યુધ્ધની કથા સંભળાવે છે, અને સુભદ્રા સાંભળે છે. તથા ગર્ભ સ્થાનમાં જે લોચનના જીવે પ્રવેશ કરેલો તે પણ પોતાને શીખવા લાયક સમજી શાંત રહી શ્રવણ કરવા લાગ્યો, તેથી શુભદ્રાને આનંદ થવા લાગ્યો.

ગીતી.

સભા જનો એક વિનંતી, સ્વીકારો દીનપર લાવી કૃપા.
પીંગળ જ્ઞાન નથી કંઇ, અલ્પ મતીથી છે લખીયા ચટકા.

કલ્યાણ.

સુણો સજનો સાર, કરીએ વીનંતી આવાર, ટેક.
ખેલ આ ભજવી બતાવ્યો, વરસ્યો આધાર;
અરજ કરી અરજ કરી, સંભળાવું તમો,
પ્રણામ પ્રણામ કરી વીનવું અમો—

ઇશ્વરની કૃપા વડેથી પુરી થઇ છે આશ;
અસુરી કેરૂ નાટક રચ્યુ, ધરી મન ઉલ્લાસ—
વરણુન અસુરીનુ કરીયુ, ગાયનમાં આવાર,
વાચીને ઉત્તેજન આપો, માનુ હું આભાર—
પીંગળ હુ જાણું નહી માટે, નવ કા'વું કવીજ,
શુદ્ધી અલ્પ બુદ્ધીથી રચ્યું હરશ ધરી મન—
ભુલ ચુક માફી કરશો, નવ દેશો દોષ;
સુધારીને વાંચી લેશો, કરી મન સંતોષ—
પ્રથમ હું કવી કા'વુ, ને કરૂં યજમાનનું કામ;
કહે ભોગીલાલ પીતા, વ્યાસ માહાશંકર—

દોહરા.

ગુણી જનો નાટક જોઇને, ગુણ લેશો મન માંહી,
મુરખો તો કામી થશે, જમશે નહી કાંઇ,
હજી હું કવી અજાણ્યો છું, નથી સમજતો ભેદ,
ભોગીલાલ કહે કર જોડી, મન નવ ધરશો ખેદ,
ગરશાણી બુદ્ધિ લઇ, ગ્રંથ રચ્યો છે
ભોગીલાલ કહે મારા પીતા બેચરસના મુકી ગયા ધામ.
ભોગીલાલ કહે કરજોડી, કહે બોલો જય જય શ્રી રામ.

સમાપ્ત.

શ્રી

હનુમાન સ્તુતી.

અંજની બાપુ, આશરો મોટો તમારો,
વડીલા અંજની, મુજને સુચના આપો જની.
ઘણા દીવસથી લાજ રાખી, શેવાના ફળ મીઠા—અંજની.
મનની ધારેલી વાત થઇ છે, તમવીના કોણ કરશે ભેરવનાથ.
સતીયા ભકતોને સ્હાય કરો તમ વીના કોણ કરશે સ્હાય—
તમ પ્રતાપે ગ્રંથ રચ્યો છે, હું નવ જાણું છાનો ભેદ—
જઇને કેહેજો સરસ્વતીને, મુજ મુખે જીભ્યાએ બેસે—
સગું વ્હાલું કુટુંબ કૈલાસે, તે સરવે પૈસાનું—
પીતા મારા દીનાનાથ, સ્હાય કરે સીતા માત—
માત પીતાને કોણ ઓળખે છે, કારવી માયા મુકી સમાન—
પુરવેના લેખ લખાવ્યા, હૈયાનો હાર પ્રીય વાડીલાલ—
સગા વહાલાથી અધીક ગણું છુ તારા વીના સમાન—
જ્યાં જ્યાં જઇએ ત્યા મનની વાતો કરી જાય, ભોગીલાલ કહે
મીત્ર તારા સમાન—
જંગલ જઇએ તો સાથ જઇએ, દાતણ કરી એતો સાથમાં કરીએ.
બેઉ કર જોડી પ્રણામ નમુ છુ, હું તો તમારો દાસ—

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર આશ્રયદાતાઓનાં મુબારક નામોની યાદી.

નકલ. ધોળકા.

5 તાલુકદાર. મેણાશી. શેરમહમદ ખાનજી વા બાવા સાહેબ.
1 મેહેરબાન નનામીયા શાહેબ શેરમીયાં સાહેબ.
1 ખાંનશી મુખત્યારખાં મોકુમીઆ સાહેબ.
1 શેઠ ગીરધરલાલ ભવાનીદાસ.
1 જેકસાહેબ વાશજાંબુદાસ
2 વૈદ. રાવળ કાલુરામ પુજારામ.
1 ચમનલાલ રામશંકર.
1 બાણુ કારકુન જેશંકર મુલજી.
1 મેતા. ઉમીયાશંકર છગનલાલ.
1 માણેકલાલ ગવરીશંકર.
1 ગીરજાશંકર રીલિવિંગ સ્ટેશન માસ્તર.
1 ભટ રણછોડરામ મોતીરામ.
1 જોશી જેશંકર જગજીવંન.
2 જોશી. મણીલાલ હરીશંકર
1 માહાશંકર છગનલાલ.
1 ભટ. મહાશંકર છગલાલ.

૧ રાવળ મણીલાલ છગનલાલ.
૧ રા. ઉમીયાશંકર છગનલાલ.
૧ ભટ. જેશંકર કાશીરામ.
૧ શંકરલાલ ગીરજાશંકર બ્રાહ્મણ.
૧ વિયાસ. છગનલા આશારામ.
૧ વિયાસ રામશંકર દલશુખરામ.
૧ ગોર તાપીશંકર ભીખાજી.
૧ મગુદાસ.
૧ જોશી. દયાશંકર ઉમીયાશંકર.
૧ રાવળ માણેકલાલ બહેચરદાસ.
૧ શા. કરસનદાસ કાલીદાસ.
૧ ભુરાભાઇ ચુનીલાલ મુખતીયાર વકીલ.
૧ મેહેતા. હીરાલાલ ગીરધરલાલ તલાટી.
૧ વકીલ. ચુનીલાલ જીવણલાલ.
૧ પા. સાકલચંદ નરોતમ કટારાવાળા.
૧ પા. સોમચંદ નરોતમ કટારવાળા
૧ શા. કેશવલાલ મંગળદાસ.
૧ શા. જેકીશન જગજીવન
૧ શા. શતીલાલ નાથાલાલ.
૧ શા. છોટાલાલ દલીચંદ
૧ ડાહયા તારાચંદ શરઇયા.
૧ શા. મોતીલાલ જગજીવન ઠેકી.
૧ ખાત્રી. મોહનલાલ નારાણદાસ.

૧ ખાત્રી. શીવરામ નરોતમ.

૧ પટેલ. દેશાઇ કાલીદાસ

૧ પટેલ, નાગરદાસ હરનુભાઇ.

૧ શંકરલાલ ત્રીકમલાલ.

૧ પા૦ પરસોતમ.

૧ સોની. તરભોવન વંદ્રાવનદાસ

૧ કાછીયા. ભીખાભાઈ છગનલાલ.

૧ ઘાંચી. ચુનીલાલ નારણ.

૧ ઘાચી. રણછોડદાસ ચીકા

૧ શુલીઆન વલજી ઇજનેર. શ. જીનમાં.

૧ લવાર. પોચા ગોપાળ.

૧ શા. બકોર હરીભાઇ.

૧ રાત. નાનાલાલ ગાડા.

૧ કુભાર. ગાંડા ગોવીદ.

૧ શેખા. હાશમભાઇ લતીભાઇ.

૧ કાલુમીયાં જોરામીયા માસ્તર.

૧ બ્યાશ છબીલાલાલ.

અમદાવાદ.

૧ મનસુખરામ જીવરામ.

શ્રી ગણેશાયે નમઃ



ખુશ ખબર

વિ. વિ. સાથે વિદીત કરવાનુ કે અમારી તરફથી થોડા વખતમાં "ઉલ્લાસમણી" નામની ચોપડી છપાઈ બહાર પડનારછે. જેની અંદર પાપ અને પુણ્યનો આબેહુબ ચીતાર આપવામા આવશે પુસ્તક રોયલ સોલ પેજી પાના ૬૪)ને આશરે થશે અગાઉથી ગ્રાહક થનાર પાસેથી માત્ર રૂ ૦–૪–૦ લેવામા આવશે અને તેને "ચંદ્રાણી લોચન" નાટકની ચોપડી મફત આપવામા આવશે પાછળથી કીમત રૂ ૦–૬–૦ લેવામાં આવશે, અને તેન ઉપરની ચોપડીનો લાભ મળશે નહી માટે સમજુ સજ્જનોએ આવી સોનેરી તકનો લાભ લેવા ચુકવું નહી.

નામ નોંધવાનુ ઠેકાણુ—
વ્યાસ ભોગીલાલ માહાશંકર.
ઠે. પેલાપામાં ખારાકુવામાં માળીવાડામાં
ધોળકા.